www.gujaratstudy.com

(27) Seat No: ______ **No. of Printed Pages : 2**

**SARDAR PATEL UNIVERSITY**
**M.Ed. I Semester EXAMINATION : 2016**
**Friday, 21st October**
**10:00 a.m. to 1:00 p.m.**
**PE01CMD203 – Educational Studies**

Total Pages: 02
**Maximum Marks: 70**

**Q.1 Answer in brief: Any five** [15]

1.1 What is information? How can it be used in improving education?

1.2 How would you organize your teaching for creating interdisciplinary knowledge in your B.Ed. students? Explain by giving illustration.

1.3 'Knowledge is a social product.' – Explain.

1.4 Is it appropriate to study only *Paravidya*? Why?

1.5 Give a list of emerging areas of research. Note two research problems in any of two emerging areas.

1.6 How would you utilize the knowledge you get from the study of the points in this course of 'Educational Studies'?

Q-2 Why does Peters give the criteria of the *process* of education instead of the criteria of *product* of education? Present you ideas focusing on these points: [10]
[A] Three criteria and their meaning. [B] Guidance from these criteria for education.

OR

Q-2 Compare the Indian and the Western view of education in the context of human development. Would you favor any one of this view or prefer a combination? Give your arguments. [10]

**Q-3 Write short notes: Any two** [10]

3.1 Meaning and scope of education-studies

3.2 Importance of qualitative research in educational studies

3.3 The futuristic view of education and its effect on teacher-education

**Q-4 Answer in brief: Any five** [15]

4.1 What can be done to enhance the educational competence of B.Ed. students?

4.2 Name five websites which are useful for educational studies. What information can be availed from each of them?

4.3 In the context of quality of education give two arguments in favor and two against liberalization.

4.4 Present your contemporary world-view. What is your thinking for education in context of that world view?

4.5 How is content analysis done? Illustrate.

4.6 What do you like most in democratic education? Explain any two such points.

Q-5 "In a few years from now, open-learning system will become the main system of studying." Do you agree with this statement? Discuss in detail about the prospects and challenges to open-learning. [10]

OR

Q-5 Explain the concept of globalization and localization giving illustrations. How are they complementary to each other? Describe their effect on present day education. [10]

**Q-6 Write short notes : Any two** [10]

6.1 Major approaches to mentoring and their benefits

6.2 Research attitude: Concept and Development

6.3 Privatization: The new engine of Quality-Education

(P.T.O.)

www.gujaratstudy.com

## ગુજરાતી અનુવાદ

**પ્ર-૧ નીચેનામાંથી કોઇપણ પાંચના સંક્ષિપ્તમાં ઉત્તર આપો.** [૧૫]

૧.૧ માહિતી એટલે શું? શિક્ષણની સુધારણામાં માહિતીનો શો ઉપયોગ છે?

૧.૨ બી.એડ. ના વિદ્યાર્થીઓમાં શિક્ષણની આંતરવિદ્યાશાખાકીય સમજ ઉત્પન્ન થયા તે માટે તમે અધ્યાપનમાં શી કાળજી લેશો? ઉદાહરણ આપી સ્પષ્ટ કરો.

૧.૩ 'જ્ઞાન સામાજિક પેદાશ છે' – સમજાવો.

૧.૪ માત્ર પરાવિદ્યાનો જ અભ્યાસ કરાવવો યોગ્ય છે? શા માટે?

૧.૫ સંશોધનમાં ઉભરતાં ક્ષેત્રોની યાદી આપો. તેમાંનાં કોઇપણ બે ક્ષેત્રો અંતર્ગત કરી શકાય તેવાં બે-બે સંશોધન શીર્ષકો નોંધો.

૧.૬ 'શિક્ષણ અભ્યાસ' અંતર્ગત તમે આ પ્રશ્નપત્રમાં જે મુદ્દાઓનો અભ્યાસ કરો છો તે તમને ભવિષ્યમાં કઇ રીતે કામ આવશે?

પ્ર-૨ પીટર્સ શિક્ષણની નીપજના માનદંડો આપવાના બદલે શિક્ષણની પ્રક્રિયાના માનદંડો શા માટે આપે છે? નીચેના મુદ્દાના આધારે તમારી વિચારણા રજૂ કરો. [૧૦]

(૧) ત્રણ માનદંડો અને તેના અર્થ (૨) શિક્ષણ વિશે પ્રાપ્ત થતું માર્ગદર્શન

અથવા

પ્ર-૨ શિક્ષણના ભારતીય અને પાશ્ચાત્ય ખ્યાલોની તુલના માનવ-વિકાસના સંદર્ભમાં કરો. તમે આ બંનેમાંથી કોઇ એકની તરફેણ કરશો કે બન્નેનો સમન્વય કરશો? તમારી દલીલો આપો. [૧૦]

**પ્ર-૩ નીચેનામાંથી કોઇપણ બે વિશે ટૂંકનોંધ લખો.** [૧૦]

૩.૧ શિક્ષણ અભ્યાસનો અર્થ અને વ્યાપ

૩.૨ શિક્ષણ અભ્યાસમાં ગુણાત્મક સંશોધનની અગત્ય

૩.૩ શિક્ષણની ભવિષ્ય-કલ્પનાલક્ષી (**futuristic**) ખ્યાલ અને શિક્ષક-પ્રશિક્ષણ પર તેની અસરો

**પ્ર-૪ નીચેનામાંથી કોઇપણ પાંચના સંક્ષિપ્તમાં ઉત્તર લખો.** [૧૫]

૪.૧ બી.એડ.ના વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સામર્થ્ય વધારવા માટે શું કરી શકાય?

૪.૨ શિક્ષણ-અભ્યાસમાં ઉપયોગી થાય તેવી પાંચ વેબસાઇટનાં નામ આપો. દરેક વેબસાઇટ પરથી કઇ માહિતી મળે છે તે જણાવો.

૪.૩ શિક્ષણની ગુણવત્તાના સંદર્ભમાં ઉદારીકરણની તરફેણમાં અને વિરુદ્ધમાં બે-બે દલીલો આપો.

૪.૪ તમારું સમકાલીન વિશ્વ-દર્શન (**world-view**) રજૂ કરો. આ વિશ્વદર્શનના સંદર્ભમાં શિક્ષણ માટે તમે કેવી વિચારણા કરો છો?

૪.૫ વિષયવસ્તુ-વિશ્લેષણ કઇ રીતે કરવામાં આવે છે? ઉદાહરણ આપો.

૪.૬ લોકશાહીય શિક્ષણમાં તમને સૌથી વધુ કઇ બાબત ગમે છે? કોઇપણ બે બાબતોની સ્પષ્ટતા કરો.

પ્ર-૫ 'આવનારા થોડાં વર્ષોમાં મુક્ત અધ્યયન પ્રણાલી જ અભ્યાસ કરવા માટેની મુખ્ય પ્રણાલી બની જશે.' તમે આ વિધાન સાથે સંમત થાવ છો? મુક્ત અધ્યયનની ભાવિ તક અને પડકારો વિશે વિસ્તૃત ચર્ચા કરો. [૧૦]

અથવા

પ્ર-૫ વૈશ્વીકરણ અને સ્થાનિકીકરણની સંકલ્પના ઉદાહરણો આપી સ્પષ્ટ કરો. એ બન્ને એકબીજાનાં પૂરક કઇ રીતે છે? વર્તમાન શિક્ષણ પર આ બન્નેની અસરો વર્ણવો. [૧૦]

**પ્ર-૬ ટૂંકનોંધ લખો – કોઇપણ બે.** [૧૦]

૬.૧ વાલીપણા (**mentoring**) ના મુખ્ય અભિગમો અને તેના ફાયદા

૬.૨ સંશોધન વલણઃ સંકલ્પના અને વિકાસ

૬.૩ ખાનગીકરણઃ ગુણવત્તાલક્ષી શિક્ષણનું નવું એન્જિન

—x—